બાળકોનું બાઈબલ

રજૂ કરે છે :



# બે જીવનવાળી છોકરી

લેખક : Edward Hughes
સુચરિત્ર કરનાર : Janie Forest
અનુકૂલન : Ruth Klassen
ભાષાંતર કરનાર : મનોજકુમાર આઈ. ખ્રિસ્તી
નિર્માતા : Bible for Children
www.M1914.org

BFC
PO Box 3
Winnipeg, MB R3C 2G1
Canada

©2015 Bible for Children, Inc.
પરવાનગી : આ સાહિત્યનો જ્યાં સુધી તમે વ્યાપર કરતા નથી
ત્યાં સુધી તમે તેની નકલ છાપી શકો છો.

યાઈરસ એક ધાર્મિક આગેવાન હતો જે ઈશ્વરનું ભજન કરતો અને લોકોને ઈશ્વરના વચન શીખવતો હતો. એક દિવસે યાઈરસના જીવનમાં ભારે સંકટ આવી પહોંચ્યું. તેની બાર વર્ષની પ્રિય દીકરી બિમાર પડી ગઈ. એવું લાગે છે કે તેને કોઈ મદદ કરી શક્યું નહિં. એ તો ભારે બિમાર હતી. યાઈરસને ખબર પડી કે તેની દીકરી મૃત્યુ પામી રહી હતી.



ફક્ત એક જ વ્યક્તિ હતો કે જે તેને મદદ કરી શકતો હતો. યાઈરસ ઈસુની શોધ કરવા માટે નીકળી પડ્યો. જેથી તે તેમને તેના ઘરે લઈ આવે. યાઈરસને ખબર હતી કે તેના બીજા ધાર્મિક મિત્રોને ઈસુ ગમતા ન હતાં.



પણ યાઈરસે તે લોકોની વાત ધ્યાનમાં ન લીધી. તેની દીકરી મૃત્યુ પામે તે પહેલા તેને ઝડપથી મદદની જરૂર હતી.



યાઈરસે ઈસુને લોકોથી ઘેરાયેલા જોયા. તે ઈસુના પગે પડ્યો. “મારી નાની દીકરી મૃત્યુની શૈયા પર છે.” ખૂબ જ આતુરતાથી તેણે વિનંતી કરી. “તું આવ અને તારો હાથ અડકાડ જેથી તે સાજી થાય અને જીવી શકે.”



ઈસુ યાઈરસની સાથે ગયો. પણ લોકોનાં મોટા ટોળા હોવાને કારણે તેઓ ઝડપથી બહાર નીકળી શક્યા નહી. ત્યાં એક સ્ત્રી જે બાર વર્ષથી બિમાર હતી. તેણી ઘણા વૈદ્યો પાસે ગઈ હતી. અને ઘણા પૈસા ખર્ચી નાખ્યા હતા છતાં તેને કંઈ મદદ મળી ન હતી. અરે, તે પણ ઈસુને મળવા માટે આતુર થઈ રહી હતી.



આ સ્ત્રી શું કરી શકે તેમ હતી? ‘‘જો હું તેના લૂંગડાની કોરને સ્પર્શ કરીશ તો હું સાજી થઈ જઈશ’’ આ સ્ત્રી મનોમન બોલી. તે ઈસુ તરફ આગળ વધી અને પોતાનો હાથ લંબાવી તેના ઝભ્ભાની કોરને અડકી.



એક ચમત્કાર! એક ચમત્કાર! આ સ્ત્રી સાજી થઈ ગઈ. તરત જ! સંપૂર્ણ રીતે! તેને ખબર પડી ગઈ તે સાજી અને મજબૂત બની ગઈ છે. પણ ત્યાં એક અવાજ સંભળાયો. “મને કોણ અડક્યું?” ઈસુએ પૂછ્યું. લોકોનું ટોળું ઈસુને ભીંસી રહ્યું હતુ. તે અડક્યું હતું. પણ જે સ્ત્રી સાજી થઈ હતી તેણે ઈસુને કહેવાનું હતું કે શું બીના બની છે. ગભરાયેલ હૃદયે તેણે આખી ઘટના બતાવી.

તે જ સમયે યાઈરસના ચાકરો ત્યાં આવી પહોંચ્યા. તેમના ચહેરા કહી બતાવતા હતા કે તેઓ શું કહેવા માંગે છે, “તારી દીકરી ગુજરી ગઈ છે!”

મરી ગઈ! મોડું થઈ ગયું હતું. કદાચ આ સ્ત્રીએ મોડુ ન કરાવ્યું હોત તો ... શક્ય હતું ... પણ તે તો મરી ગઈ છે! યાઈરસની દીકરી ગુજરી ગઈ હતી.





જ્યારે ઈસુએ તે સાંભળ્યું ત્યારે તેણે જવાબ આપ્યો, "ડરશો નહીં ફક્ત વિશ્વાસ કર એટલે તારી દીકરી સાજી થઈ જશે." યાઈરસને માટે ઈસુ પર વિશ્વાસ કરવાનું કેટલું અઘરું બની ગયું હશે. કારણ કે તેની દીકરી તો મૃત્યુ પામી હતી.

જ્યારે ઈસુ ત્યાં આવ્યો ત્યારે દરેક રૂદન
કરીને શોક કરતા હતાં. “તે તો સૂઈ ગઈ છે,
મરી નથી ગઈ.” ઈસુએ તેમને કહ્યું. તેઓએ
તેને હસી કાઢ્યો. તેઓને ખબર હતી કે
છોકરી તો મરી ગઈ છે.



ઈસુએ બધાને બહાર કાઢ્યા અને છોકરીને તેનો હાથ લઈને ઉઠાડી અને કહ્યું કે, “ઓ નાની છોકરી ઉઠ.” યાઈરસ તો ત્યાં જ હતો. તેની પત્ની પણ ત્યાં જ હતી. ઈસુના ત્રણ શિષ્યો પણ ત્યાં હતાં. તેઓ સર્વએ ઈસુના શબ્દો સાંભળ્યા. શું આ નાની મરેલી છોકરીએ ઈસુના શબ્દો સાંભળ્યા હશે?



મૃત્યુ પામેલી
છોકરીએ ઈસુની
આજ્ઞા સાંભળી!
તેનો આત્મા પાછો
આવ્યો, અને તે તરત
જ ઊભી થઈ ગઈ.
ઈસુએ તેને
મૃત્યુમાંથી પાછી
ઉઠાડી હતી.



આ છોકરીના મા-બાપ આશ્ચર્ય પામી ગયા. ઈસુએ તેમને કહ્યું કે તેને કાંઈક ખાવાનું આપો. તેઓ ઈસુ પ્રત્યે કેટલા ખુશ અને આભારી બની ગયા હશે. તેનો અદ્ભૂત પ્રેમ અને સામર્થ્ય આ છોકરીને મોતમાંથી પાછા લાવ્યા હતાં.



બે જીવનવાળી છોકરી

બાઈબલ, ઈશ્વરના વચનમાંથી વાર્તા

જે આપણને મળે છે,

માર્ક ૫, લૂક ૮

“તમારા વચનનો પ્રવેશ પ્રકાશ આપે છે.”
ગીતશાસ્ત્ર ૧૧૯:૧૩૦

સમાજ

49

60

આ બાઈબલની વાર્તા જણાવે છે. આપણને
કોણે બનાવ્યા અને તે ઈચ્છે છે કે તમે તેને ઓળખો.

ઈશ્વર જાણે છે કે આપણે ખરાબ બાબત કરી કે જેને તે પાપ કહે છે. પાપની શિક્ષા મરણ છે, પણ ઈશ્વર આપણને ખૂબ જ પ્રેમ કરે છે. જેથી તેણે પોતાનો એકનો એક દિકરો, ઈસુ તેને મોકલી આપ્યો છે, જે વધસ્તંભ પર મરી જઈને તમારા પાપની શિક્ષાને ઉઠાવી લીધી છે. ત્યાર બાદ પ્રભુઈસુ જીવતા પાછા ઉઠીને પોતાનું ઘર જે સ્વર્ગ છે તેમાં ગયા છે.  તમે ઈસુ પર વિશ્વાસ રાખો છો તમે તમારા પાપોની માફી માટે તેની પાસે માંગી શકો છો, તે તમારા પાપ માફ કરશે, તે તમારી પાસે હ્રદયમાં અંદર આવીને તમારી સાથે રહેશે અને તમે સદાકાળ તેની સાથે રહી શકશો.

જો  તમે આ સત્યને સ્વીકારો છો તો તમે આ કહો:
પ્રિય ઈસુ, હું માનું છું કે તમે ઈશ્વર છો, અને મારા પાપો માટે મૃત્યુ પામવા માણસ બન્યા, તમે આજે જીવીત છો, કૃપા કરી તમે મારા જીવનમાં આવો અને મારા પાપોની માફી આપો. જેથી મને નવું જીવન પ્રાપ્ત થાય અને હું સદા તમારી સાથે રહી શકું. તમારી આજ્ઞાઓ પાળવા માટે મને મદદ કરો જેથી હું તમારું બાળક બની શકું. આમીન.

બાઈબલ વાંચો અને ઈશ્વરની સાથે દરરોજ વાત કરો યોહાન ૩:૧૬